**નાણાકીય વર્ષ 2017-2018 માટેના આવકવેરાના દર**

| INDIVIDUAL/HUF/AOP/BOI | INCOME TAX RATE | SURCHARGE | INCOMETAX+ SURCHARGE | EDUCATION CESS | APPLICABLE RATE |
|---|---|---|---|---|---|
| FIRST RS. 2.50 Lakh | Nil | Nil | Nil | Nil | Nil |
| Rs. 2.50 Lakh to Rs. 5 Lakh | 5% | Nil | NIL | 3% | 5.15% |
| Rs. 5 Lakhs to Rs.10 Lakhs | 20% | Nil | 20% | 3% | 20.60% |
| Rs. 10 Lakhs to Rs. 1 Crore | 30% | NIL | 30% | 3% | 30.90% |

નોંધ:- આવકવેરાના કાયદાની કલામ 87A હેઠળ રૂ. 3,50,000 સુધીની કરપાત્ર આવક ધરાવતી રહીશ વ્યક્તિના કેશમાં, તેને ભરવાપાત્ર આવકવેરામાંથી 100% વેરો અથવા રૂ. 2,500/- બે માંથી જે રકમ ઓછી હોય તે , આવકવેરા રિબેટ તરીકે મળવાપાત્ર છે.

2013 ના નાણાકીય ધારા હેઠળ દાખલ કરાયેલી નવી કલામ 80EE હેઠળ હાઉસીંગ લોનના વ્યાજ સંબંધી કપાતની વધારાની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ તેના સંદર્ભમાં નીચે જણાવેલી શરતો તેમજ નીયંત્રણો લાદવામાંઆવ્યા હોઇ, તેનો અસરકારક વ્યાપ અત્યંત સીમિત બનાવવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ 2016-2017 અથાર્થ 1 એપ્રિલ 2016 થી 31 માર્ચ 2017 દરમિયાનના સમયગાળામાં મંજૂર કરાયેલ હાઉસીંગ લોનના સંદરભમાં આકપાતનો લાભ મળી શકશે.

1. નાણાકીય વર્ષ 2013-2014, અથાર્થ 1 એપ્રિલ 2013 થી 31 માર્ચ 2014 દરમ્યાનના સમયગાળામાં મંજૂર કરાયેલ હાઉસીંગ લોનના સંદર્ભમાં જ આકપાતનો લાભ મળી શકશે.
2. આ કપાતનો લાભ લેનાર વ્યક્તિ, લોન મંજૂર થયાની તારીખે, કોઈપણ રહેઠાણના મકાનનો માલિક ન હોવો જોઈએ.
3. રૂ. 25 લાખની મર્યાદામાં આવી કોઈ લોન બેન્ક કે હાઉસિંગ ફાઇનાન્સ કંપની દ્વારા મંજૂર કરાઈ હોય તોજ, તે સંબંધી વ્યાજની કપાતનો લાભ મળી શકશે અથાર્તે, જો કરદાતાને તેના માલિક કે અન્ય કોઈ શખ્સ પાસેથી આવી લોન મળે તો તે સંબધી કોઈ લાભ મળશે નહીં.

4. રૂ. 40 લાખ થી વધુ કિમતનું ન હોઈ તેવા રહેઠાણના મકાનના સંદર્ભમાંજ આ કપાતનો લાભ મળી શકશે.
5. ઉપરોકત શરતોનું પાલન થતું હોઈ તો આકારણી વર્ષ 2014-2015 માટે, આવી હાઉસીંગ લોનના સંદર્ભમાં વ્યક્તિગત કરદાતાએ રૂ એક લાખની મર્યાદામાં ચૂકવવાપાત્ર વ્યાજની રકમ કલામ 80EE હેઠળ બાદ આપવામાં આવશે જો આકારણી વર્ષ 2014-2015 માં બાદ મળવાપાત્ર વ્યાજની કપાત રૂ. 1 લાખથી ઓછી હોય, તો આવી તફાવતની રકમને પછીના આકારણી વર્ષ 2015-2016 માં બાદ આપવામાં આવશે
6. કલામ 80EE હેઠળ કરદાતાને તેના જીવનકાળ દરમ્યાન માત્ર એકજ વાર રૂ. એક લાખની મર્યાદામાં મળનાર આ કપાતના સંદર્ભમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં છે કે, આ કલામ હેઠળ રૂ. એક લાખની કપાતનો લાભ આપવામાં આવ્યા પછી, તે સંબધી કપાત, આવકવેરાના કાયદાની અન્ય કોઈપણ જોગવાઈ કે અન્ય કોઈપણ આકારણી વર્ષ માટે મળી શકશે નહીં.

### કર મુકત આવકો

| | |
|---|---|
| 1 | Section 10(5) Leave Travel Concession |
| 2 | Section 10(10) Gratuity |
| 3 | Section 10(10A) Computation of Pension |
| 4 | Section 10(10AA)Leave Enchment |
| 5 | Section 10(10-B) Retrenchments Compensation |
| 6 | Section 10(10-C)Voluntary Retirement Scheme VRS |
| 7 | Section 10(1-d) L.I.C. Policy Maturity Amount |
| 8 | Section 10 (11) or Section 10(12) Provident Fund Payment |
| 9 | Section 10(13-A) House Rent Allowance |
| 10 | Section 10(14) Declared Tax free Allowances i.e. Conveyance, Uniform Allowance, Tour & Transfer Allowance, Transport Allowance Maximum Rs. 9600/-, Special Area Allowance, Children Education Allowance Maximum Rs. 2400/- for two Children, Children Hostel Allowance per child Rs.300/- month, Maximum Rs. 7200/- for two children only. etc.etc. |

### પગારની આવકમાંથી બાદ મળતી અન્ય કપાતો

| | |
|---|---|
| કલમ 24 | રૂ. 2,00,000/- મર્યાદામાં કલમ 24 હેઠળ મળવાપાત્ર હાઉસિંગ લોન ઉપર ચૂકવેલ વ્યાજ સબધી કપાત, 01-04-1999 કે ત્યાર પછી લેવામાં આવેલી હાઉસિંગ લોન સબધી ચૂકવેલ વ્યાજ રૂ 2,00,000/- ની મર્યાદામાં મળી શકશે |
| કલમ 80 C | કલમ 80 C હેઠળ નિયત બચતોમાં રોકાણ તેમજ નિયત |

| | |
|---|---|
| | ચુકવણી સંબધી કલમ 80 – CCC તેમજ 80 – CCD સાથે રૂ. 1,50,000/- ની મર્યાદામાં મળતી કપાત. |

| | |
|---|---|
| કલમ 80 CCC | કલમ 80 CCC હેઠળ જીવન સુરક્ષા ફંડમાં સબંધી કલમ 80-C તેમજ 80-CCD સાથે નિયત બચતોમાં રોકાણ તેમજ નિયત ચુકવણી સંબધી કલમ 80 – CCC તેમજ 80 – CCD સાથે રૂ. 1,50,000/- ની મર્યાદામાં મળતી કપાત. |
| કલમ 80 CCD(1) | કલમ 80 CCD(1) ની પ્રવર્તમાન જોગવાઈ હેઠળ, સરકારી કે ખાનગી ક્ષેત્રના કોઈ પણ કર્મચારી તેમજ અન્ય કોઈ પણSELF EMPLOYED કરદાતાએ, નિયત નિયમોને આધીન તેમના પગાર કે કુલ ગ્રોસ આવકના 10% ની મર્યાદામાં, NPS માં કરેલ રોકાણના સંદર્ભમાં, કપાતનો લાભ આપવામાં આવે છે. આ ઉપરાંત કલમ 80સીસીડી (1-A) હેઠળ NPS માં રોકાણ સબંધી વધુમાં વધુ રૂ1,50,000/- લાખની કપાતનો લાભ મળી શકે છે. |
| કલમ 80 CCG | કલમ 80 CCG હેઠળ રાજીવ ગાંધી ઇક્વિટિ સેવિંગ્સ સ્કીમમાં નિયત શરતોને આધીન, રૂ. 50,000/- સુધીના રોકાણના સંદર્ભમાં, રોકાણના 50% સબંધી મળતી કપાત. |
| કલમ 80 D | કલમ 80 D હેઠળ મેડિકલ ઇન્સ્યોરન્સ પ્રીમિયમની ચુકવણી સબંધી રૂ 25,000/- (કુટુમ્બમાં સીનિયર સિટિજન હોય તો રૂ. 30,000/-) ની મર્યાદામાં મળતી કપાત. આકારણી વર્ષ 2016-2017 કલમ 80-D હેઠળની ઉપરોકત કપાતમાં પ્રિવેંટિવ હેલ્થ ચેક અપ માટે રૂ. 5,000/- સુધી કરાયેલ ખર્ચનો પણ સમાવેશ થશે. |
| કલમ 80 DD | કલમ 80 DD હેઠળ પોતાના ઉપર આશ્રિત હોય તેવી શારીરિક કે માનસિક રીતે અશક્ત વ્યક્તિની તબીબી સારવાર, તાલીમ કે પુનર્વેસવાટ માટે કરવામાં આવેલ ખર્ચ અથવા આવી વ્યક્તિના ભારણ-પોષણ માટે જીવન વીમા નિગણ કે યુ.ટી.આઇ. પ્રયોજિત માન્ય યોજનામાં રોકાણ સબંધી રૂ 75000/- (કે રૂ. 125000/-) ની મળતી કપાત. |
| કલમ 80 DDB | કલમ 80 DDB હેઠળ ગંભીર રોહ કે બીમારીથી પીડાતા કરદાતા તેમજ તેના આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલ ખર્ચ સબંધી |

| | |
|---|---|
| | રૂ. 40,000/- કે રૂ. 60,000/- (સીનિયર સિટિજન હોય તો) ની મળતી કપાત. |
| કલમ 80 E | કલમ 80 E હેઠળ ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોનની રકમ ઉપર વ્યાજની ચુકવણી સબંધી કોઈ પણ મર્યાદા સિવાય મર્યાદામાં મળતી કપાત. આ કપાત કર્મચારીએ પોતાના સંતાન અથવા લગ્નસાથીના ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ આવી લોન ઉપર વ્યાજની ચુકવણી પણ કપાત તરીકે બાદ મળવાપત્ર ગણાશે |
| કલમ 80 EE | કલમ 80 EE FIRST HOME BUYERS માટે નિયત શરતો ને આધીન હાઉસિંગ લોન ઉપર ચૂકવવાપાત્ર વ્યાજ સબંધી રૂ. 50,000/- ની વધારાની કપાત.. |
| કલમ 80 G | કલમ 80 G હેઠળ નિયત કરાયેલ ફંડ (જેમ કે પ્રાઈમ મિનિસ્ટર અથવા ચીફ મિનિસ્ટર ફંડ ) માં આપેલ ફાળા સબંધી મળતી કપાત. અત્રે એ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે ધર્માદા હેતુસર આપવામાં આવેલાં અન્ય દાનો સબંધી કપાત, કલમ 192 હેઠળ ‘ કરપાત્ર પગાર’ નક્કી કરવા માટે લક્ષમાં લેવામાં આવશે નહીં અને આવી કપાત પગારદારે તેનું નિયમિત આવકવેરા રિટર્ન ભરતી વખતે બાદ માગવાની રહેશે. |
| કલમ 80 GG | કલમ 80 GG હેઠળ ઘરભાડાની ચુકવણી અંગે રૂ 60,000/- મર્યાદામાં મળતી કપાત. |
| કલમ 80 TTA | કલમ 80 TTA હેઠળ રૂ. 10,000/- સુધીના સેવિંગ્સ એકાઉન્ટના વ્યાજ સબંધી મળી શક્તી કપાત. |
| કલમ 80 U | કલમ 80 U હેઠળ અંધ, અપંગ અને મંદબુદ્ધિની વ્યક્તિઓને રૂ 75,000/- કે રૂ. 1,25,000/- (સીવિયર ડિસએબીલીટી હોય તો ) ની મળતી કપાત. |

**ઘરભાડા ભથ્થું**

કર્મચારીને પોતાના માલિક તરફથી ઘરભાડા અંગેનું ભથ્થું (house rent allowance) મળતું હોય અને જો કર્મચારીને ઘરભાડા અંગે ખરેખર ખર્ચ કરવો પડતો હોય તો, આવકવેરાના કદની કલમ 10(13-એ) મુજબ, નીચેની ત્રણ રકમો પૈકી સૌથી ઓછી રકમ કરમુકત ગણાશે અને ઘરભાડા ભાડા ભથ્થાની રકમ આના કરતાં વધારે હોય તો તેટલી વધારાની રકમ કરપાત્ર ગણતરીમાં ઉમેરવામાં આવશે.

(1) કર્મચારીને માલિક તરફથી ખરેખર મળેલી ઘરભાડાની રકમ;

(2) ભાડાની ચૂકવણીની રકમ કર્મચારીના પગારના દસ ટકાથી વધતી હોય, તેટલી રકમ;

(3) જો મકાન મુબઇ, કલકતા, દિલ્હી કે મદ્રાસમા આવેલું હોય તો પગારના પચાસ ટકા જેટલી રકમ અને અન્ય સ્થળે હોય તો પગારના ચાલીશ ટકા જેટલી રકમ;

નોધ:- ઉપરોક્ત હેતુસર 'પગાર' ની ગણતરીમાં 'મૂળપગાર' નો જ સમાવેશ કરવામાં આવશે, પરંતુ નોકરીની શરતોમાં સ્પષ્ટ ઉલ્લેખ હોય તો તેમાં મોઘવારી ભથ્થું પણ ગણવામાં આવશે.

**દ્રષ્ટાંત :-** એક પગારદાર કારદાતાનો મૂળ પગાર)મોઘવારી ભથ્થા સહિત પરંતુ અન્ય ભથ્થા અને સવલતો સિવાય) રૂ. 1,50,000/- છે. તે અમદાવાદમાં ભાડાના મકાનમાં રહે છે અને માસિક રૂ. 5,000/- લેખે વાર્ષિક રૂ. 60,000/- તેના ઘરનું ભાડું ચૂકવે છે તેના માલિક તરફથી તેને ઘરભાડા ભથ્થા તરીકે રૂ. 48,000/- મળે છે. આ કેસમાં કલમ 10(13-એ) હેઠળની કરમુક્તિ આ મુજબ નક્કી થાય. તેના પગારના દસ ટકા (એટલે કે રૂ. 15,000) થી વધારે તેણે ચૂકવેલ ઘરભાડાની રકમ (રૂ.60,000 – 15,000 = 45,000 થાય. તેના પગારની 40% રકમ રૂ. 60,000 થાય અને તેના માલિક તરફથી મળેલ ઘરભાડા ભથ્થાની રકમ રૂ. 48,000/- છે. આ ત્રણેયમાંથી સૌથી ઓછી રકમ એટલે કેરૂ. 45,000/- ની રકમ તેના કેસમાં કલમ 10(13-એ) હેઠળ કરમુક્ત ગણાય

**TDS કાપવા માટે જવાબદાર કરદાતાઓ આટલું ખ્યાલમાં રાખશો**

ઉપર જણાવ્યા મુજબ TDS ની જોગવાઇઓ અનુસાર નિયત ચુકવણીઓ કરતી વખતે આવી ચૂકવણીની રકમમાંથી TDS કાપવા માટે જવાબદાર કરદાતાઓએ ટૅક્ષની સંબધિત રકમ કાપ્યા પછી તેને નિયત સમયમાં આ માટેના ચલણ દ્વારા ભરી બૅંકમાં જમા કરવવાની હોય છે. આ ઉપરાત TDS ની આવી કરાયેલી કપાત સંબધી નિયત કરવામાં અવળા ફોર્મમાં TDS રિટર્ન ભરવા પણ જરૂરી બને છે. આ જવાબદારી યોગ્ય અને સમયસર અદા કરવામાં ન આવે તો તે માટે કરદાતા કલમ 272-એ ની જોગવાઇઓ હેઠળ દંડને પાત્ર બને છે.

**TDS /TCS ના સ્ટેટમેંટ ફાઇલ કરવામાં કસૂર બદલ પ્રત્યેક દિવસ દીઠ રૂ 200 લેખે ફી.**

TDS /TCS ના સ્ટેટમેંટ સમયસર ફાઇલ કરવામાં વિલબ ન થાય તે હેતુસર 1 લી જુલાઈ 2012 થી અમલી કલમ 234-E ની જોગવાય હેઠળ,

TDS /TCS ના સ્ટેટમેંટ જેટલા દિવસ મોડા ફાઇલ કરાયા હોય, તેટલા સમય માટેના વિલંબનાં પ્રત્યેક દિવસ દીઠ રૂ. 200 ના આધારે, કરદાતા પાસેથી ફી વસૂલ કરવામાં આવશે. આવી ફી ભરવા માટે કરદાતાએ, TDS/TCS નું સ્ટેટમેંટ ફાઇલ કરતાં પહેલા સંબધિત ફીની રકમ સરકારી તિજોરીમાં જમા કરવવાની રહેશે અલબત, આ સદર્ભમાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે ફી ની રકમ, TDS/TCS ની સંબધિત રકમથી વધુ થશે નહીં

**કલમ 234 – A આવકવેરા રિટર્ન મોડુ ભરવા બદલ કરદાતાએ ચૂકવવાપાત્ર વ્યાજ**
કરદાતા રિટર્ન ભરવામાં જેટલું મોડુ કરે તેટલા સમય માટે તેને માસિક 1% ના દરે વ્યાજ ચૂકવવાનું રહેછે.

**કલમ 234 – B એડ્વાન્સ ટેક્ષ ભરવામાં કસૂર બદલ કરદાતાએ ચૂકવવાપાત્ર વ્યાજ**
નાણાકીય વર્ષ દરમ્યાન એડ્વાન્સ ટેક્ષ ભરવાને જવાબદાર કરદાતાએ કોઈ એડવાંસ ટૅક્સ ભર્યો ન હોય અથવા કરદાતાએ ભરેલ એડવાંસ ટેક્ષ અકરાયેલા કાર (Assessed Tax) ના 90% થી ઓછો હોય, તો તે સંજોગોમાં કરદાતાએ અનુક્રમે અકરાયેલ કર અથવા તફાવતની રકમ ઉપર, નાણાકીય વર્ષ પછીની તારીખ 1 લી એપ્રિલ થી માંડીને કલમ 143 (1) (એ) હેઠળ ઈન્ટિમેશન ની તારીખ સુધી અથવા જો કરદાતાના કેશમાં કલમ 143(3) હેઠળ નિયત આકારણી કરવામાં આવી હોય તો નિયમિત આકારણીની તારીખ સુધીના સમયગાળા માટે મહિને 1% (વાર્ષિક 12%) ના દરે વ્યાજ ચૂકવવાનું રહેશે.

**કલમ 234 – C એડ્વાન્સ ટેક્ષના 'ડિફરમેણ્ટ' બદલ કરદાતાએ ચૂકવવાપાત્ર વ્યાજ**

આ કલમની જોગવાઈઓ અનુસાર નાણાકીય વર્ષ દરમ્યાન એડવાન્સ ટેક્ષ ભરવાને પાત્ર એવા કરદાતાએ વર્ષ દરમ્યાન એડવાન્સ ટેક્ષ ભર્યો ન હોય અથવા કરદાતાએ ભરેલ એડવાન્સ ટેક્ષની રકમના સંદર્ભમાં 15 મી સપ્ટેમ્બર હપ્તામાં ભરેલ એડવાન્સ ટેક્ષ તેના રિટર્નમાં દર્શાવેલી આવક ઉપર ભરવાપાત્ર આવકવેરાના 30% થી ઓછો હોય અને 15 મી ડિસેમ્બર સુધીના હપ્તામાં ભરેલો એડ્વાન્સ ટેક્ષ તેના રિટર્નમાં દર્શાવેલી આવક ઉપર ભરવાપાત્ર આવકવેરાના 60% થી ઓછો હોય, તો તફાવતની આવી રકમના સંદર્ભમાં કરદાતાએ મહિને 1% (વાર્ષિક 12%) હિસાબે અનુક્રમે ત્રણ=ત્રણ મહિનાના સમયગાળા માટે વ્યાજ ચૂકવવાનું રહેશે

આ કલમ ના હેતુસર રિટર્નમાં દર્શાવેલી આવક ઉપર ભાગ્યાપાત્ર આવકવેરાની ગણતરી કરવા માટે આવકવેરાની કુલ રકમમાંથી નાણાકીય વર્ષ દરમ્યાન ટેક્ષ એટ સોર્સ તરીકે કપાયેલ રકમને બાદ કરવામાં આવશે.

## આવકવેરાનું રિટર્ન ભરવાની પગારદારોની જવાબદારી

આવકવેરાના કાયદાની કલમ 139(1) હેઠળ નિયત વ્યક્તિગત મુક્તિ મર્યાદાથી વધુ કુલ ગ્રોસ આવક (કલમ 80 ની વિવિધ પેટા કલમો હેઠળ મળવાપાત્ર કપાતો પહેલાની આવક) મેળવનાર દરેક વ્યક્તિએ પોતાનું આવકવેરાનું રિટર્ન નિયત સમયની અંદર ભરવું જોઈએ કલમ 281 F હેઠળ એવી વિશેષ જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ પણ કરદાતા, સંબધિત આકારણી વર્ષના અંત સુધીમાં તેની કરપાત્ર આવકનું રિટર્ન ભરે નહીં, તો તેવા કેશમાં તે રૂ.5,000/- નો દંડ ભરવા માટે જવાબદાર રહેશે. આ જોગવાઈને લક્ષમાં રાખીને પ્રત્યેક પગારદાર કરદાતાએ, તેની કરપાત્ર આવક ઉપર યોગ્ય રકમનો TDS કપાઈ ગયો હોય તો પણ, સમયસર આવકવેરા રિટર્ન ભરવાની કાળજી લેવી જોઇએ.

## એડ્વાન્સ ટૅક્સ ની જોગવાઈ

| હપ્તાની તારીખ | ભરવાપત્ર એડ્વાન્સ ટૅક્સ |
|---|---|
| 15 મી JUNE સુધી | કુલ એડવાંસ ટૅક્સ ના 15% |
| 15 મી SEPTEMBER સુધી | કુલ એડવાંસ ટૅક્સ ના 45% |
| 15 મી DECEMBER સુધી | કુલ એડવાંસ ટૅક્સ ના 75% |
| 15 મી MARCH | કુલ એડવાંસ ટૅક્સ ના 100% |